પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૨ | ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, મંગળવાર; માગશર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# 'દિવ્ય કાશી-ભવ્ય કાશી' પ્રોજેક્ટનો શુભારંભ

## કાશી વિશ્વનાથ કોરિડોરનું વડાપ્રધાન મોદીએ લોકાર્પણ કર્યુ : કાશીમાં એકમાત્ર ડમરૂવાળી સરકાર, ઔરંગઝેબ ઝૂકાવી ન શક્યો : ભૂતકાળમાં અત્યાચારીઓએ કાશી પર નજર બગાડી હતી પણ અહીંયા ઔરંગઝેબ આવે છે તો શિવાજી પણ ઉભા થાય છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

વારાણસી, તા.૧૩ કાશી વિશ્વનાથ કોરિડોરનુ સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કર્યુ હતુ. આ પ્રસંગે પીએમ મોદીએ કાળ ભૈરવની આરતીમાં ભાગ લીધો હતો.



ત્યારબાદ તેઓ ગંગા નદીમાં ક્રુઝમાં સવાર થઈ લલિતા ઘાટ પર પહોંચ્યા હતા, જ્યાં તેમણે ડૂબકી લગાવી પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પીએમ કાશી વિશ્વનાથ પહોંચ્યા હતા, અને ત્યાં પૂજાવિધિમાં ભાગ લીધા બાદ જનસભા સંબોધી હતી.

તેમણે કહ્યુ હતુ કે, હવે જ્યારે પણ ભાવિકો અહીંયા આવશે ત્યારે તેમને ભૂતકાળના ગૌરવનો અહેસાસ થશે અને તેઓ જોશે કે પ્રાચીનતા સાથે આધુનિકતા પણ જિવંત થઈ છે.આ કોરિડોર માત્ર એક ભવ્ય ઈમારત નથી પણ ભારતની સનાતન સંસ્કૃતિનુ પ્રતીક છે. આ ભારતની પ્રાચીનતા, આધ્યાત્મિકત આત્મા અને પરંપરાઓનુ પણ પ્રતિક છે.પહેલા આ મંદિર માત્ર ૩૦૦૦ સ્કેવર ફૂટમાં હતુ.હવે તેનુ પરિસર પાંચ લાખ સ્કેવરફૂટનુ થઈ ગયુ છે.મંદિર અને પરિસરમાં એક સાથે ૫૦૦૦૦ કરતા વધારે ભાવિકોને સમાવી શકાશે.





પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કાશી તો અવિનાશી છે. કાશીમાં એક જ સરકાર છે અને તે છે જેમના હાથમાં ડમરુ છે તેમની સરકાર ...અહીં તો ગંગાજી પણ પોતાની ધારા બદલીને વહી રહ્યા છે ત્યારે કાશીને કોણ રોકી શકે છે... ભૂતકાળમાં અત્યાચારીઓએ કાશી પર નજર બગાડી હતી પણ અહીંયા ઔરંગઝેબ આવે છે તો શિવાજી પણ ઉભા થાય છે.કોઈ સાલાર મસૂદ આવે છે તો રાજા સુહેલદેવ જેવા વીર યોધ્ધા પણ તેમને આપણી તાકાતનો અહેસાસ કરાવે છે.

તેમણે કહ્યુ હતુ કે, અંગ્રેજોના સમયમાં વોરન હેસ્ટિંગ્સની કાશીના લોકોએ શું હાલત કરી હતી તે બધા જાણે જ છે.કાશી પર કેટલાક આક્રમણો થયા હતા. ઔરંગઝેબના અત્યાચારની આ નગરી સાક્ષી રહી છે.તેણે તલવારના જોરે સભ્યતા અને સંસ્કૃતિ બદલવાની કોશિશ કરી હતી પણ તે સફળ નહોતો થયો.આ દેશની માટી બીજા દેશો કરતા અલગ છે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોરિડોરનુ લોકાર્પણ ભારતને એક નિર્ણાયક દિશા પ્રદાન કરશે અને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ લઈ જશે.આ પરિસર આપણી ક્ષમતા અને સામાર્થ્યનુ સાક્ષી છે.ભારતવાસીઓ ગમે તે અશક્ય બાબતને સાકાર કરી શકે છે તેનુ ઉદાહરણ આ કોરિડોર છે.કાશીએ જ્યારે પણ કરવટ બદલી છે ત્યારે

● અનુસંધાન પાન-૭ પર




## પ્રોટોકોલ તોડીને મોદીએ વૃદ્ધના હાથે પાઘડી-ખેસ પહેર્યો

નવી દિલ્હી, તા.૧૩ કાશી વિશ્વનાથ કોરિડોરના લોકાર્પણ પ્રસંગે કાશી પહોંચેલા પીએમ મોદીએ લોકજુવાળ જોઈને તમામ પ્રકારના પ્રોટોકોલ તોડી નાંખ્યા હતા.

સવારે પીએમ મોદીનો કાફલો વારાણસીની સાંકડીઓ ગલીઓમાંથી પસાર થયો ત્યારે બંને તરફ લોકોનો માનવ મહેરામણ પીએમ મોદીની ઝલક પામવા માટે ઉમટી પડ્યો હતો.આ દરમિયાન એક વૃધ્ધ પીએમ મોદીને પાઘડી અને ખેસ પહેરાવવા માટે તેમની કારની નજીક જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

તે સમયે પીએમ મોદીના સુરક્ષાકર્મીઓએ તેમને ધક્કો મારીને પાછળ હટાવવાનો પ્રયત્ન કર્યો હતો.આ દ્રશ્ય જોઈને પીએમ મોદીએ કાર રોકાવી હતી અને વૃધ્ધને નજીક આવવા દેવા માટે સુરક્ષા કર્મીઓને ઈશારો કર્યો હતો.

એ પછી આ વૃધ્ધે પીએમ મોદીને પાઘડી અને ખેસ પહેરાવ્યો હતો અને પીએમ મોદીએ પ્રણામ કરીને તેમના આશીર્વાદ લીધા હતા.આ ઘટનાનો વિડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

પીએમ મોદી જે જે ગલીઓમાંથી પસાર થયા હતા ત્યાં તેમના કાફલા પર લોકોએ પુષ્પવર્ષા પણ કરી હતી.

ભાડે આપવાની છે
મોકાની જગ્યા
આશરે ૧૨૦૦ ચો.ફુટ
લિવ એન્ડ લાયસન્સના ધોરણે
સેક્ટર - ૨૧ ખાતે,
ગાંધીનગરમાં.
સંપર્ક:
90990 93351

